અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટે NIC,ગાંધીનગર ખાતે કોન્ટ્રાક્ચ્યુઅલ મેનપાવર મેળવવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:SJED/EOD/e-file/17/2022/1929/J Section

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૭/૨૦૨૩.

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગનો તા.૧૦/૦૪/૨૦૨૩નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા:૧૨/૦૪/૨૦૨૩નો પત્ર નં:અજાક /ગ-૧/૫/૨૩-૨૪/૧૭૩૯ થી ૪૨.

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા:૦૧/૦૫/૨૦૨૩નો પત્ર નં:અજાક /ગ-૧/૫/૨૩-૨૪/૧૮૮૪.

(૪) GILનો તા.૦૧/૦૮/૨૦૨૨ના પત્ર ક્ર માં ક :GIL/Manpower/HRM28032 02202/2022/12380.

(૫) iNDEXTb,ગાંધીનગરનો તા.૧૦/૦૨/૨૦૨૨નો પત્ર No.IEB:COMP:194

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૦૪/૨૦૨૨ના ઠરાવથી શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC,ગાંધીનગર .Net Technology સ્કીલ ધરાવતા ૦૫ વર્ષના અનુભવી ૦૩ સીનીયર પ્રોગ્રામરની સેવાઓ રૂ.૯૫,૦૦૦/- માસિક મહેનતાણાથી અને ૦૨ વર્ષના અનુભવી ૦૩ પ્રોગ્રામરની સેવાઓ રૂ.૪૫,૦૦૦/- માસિક મહેનતાણાથી એમ કૂલ-૦૬ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ જાન્યુઆરી-૨૦૨૩ થી ૧૧ માસ માટે iNDEXTb પાસેથી ,વંચાણે લીધેલ ક્રમાંક(૩) પરના GILના પત્ર દ્વારા નિયત દરો મુજબ મેળવવાની શરતે મંજૂરી આપવામાં આવેલ છે .

નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી GILના પત્ર દ્વારા નિયત થયેલ દરોની જગ્યાએ વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના iNDEXTb ના પત્રથી નિયત થયેલ દરો મુજબ કરાર આધારિત સેવાઓ લેવા બાબતે દરખાસ્ત કરેલ હતી.

Signature Not Verified
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.07.10
16:34:02 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**<u>સુધારા ઠરાવ</u>:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, શિષ્યવૃત્તિની યોજનાઓના અમલીકરણ માટેના ડીજીટલ ગુજરાત પોર્ટલની કામગીરી માટે NIC,ગાંધીનગર .Net Technology સ્કીલ ધરાવતા ૦૫ વર્ષના અનુભવી ૦૩ સીનયર પ્રોગ્રામરની સેવાઓ રૂ.૧૦૩૫૦૦/- માસિક મહેનતાણાથી અને ૦૨ વર્ષના અનુભવી ૦૩ પ્રોગ્રામરની સેવાઓ રૂ.૪૭૦૯૩/- માસિક મહેનતાણાથી એમ કૂલ-૦૬ પ્રોગ્રામરની કરાર આધારિત સેવાઓ જાન્યુઆરી-૨૦૨૩ થી ૧૧ માસ માટે iNDEXTb પાસેથી, વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના iNDEXTb,ગાંધીનગરના પત્રથી નિયત થયેલ દરો મુજબ લેવાની મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના વિભાગના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ )

સેકશન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
2. માન. રાજ્ય કક્ષાનામંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
6. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
8. જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
10. સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
11. સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.

Signature Not Verified
Signed by: H T Gohel
Section Officer
Date: 2023.07.10
16:34:02 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign